### મોતા ગામે વન મહોત્સવની ઉજવણી, લોકાર્પણ

# એકતા વનનું નિર્માણ ભાવિ પેઢીને પ્રેરણા આપશે




અમદાવાદ, તા. ૪

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે સુરત જિલ્લાના ઐતિહાસિક નગરી બારડોલી તાલુકાના મોતા ખાતે રાજયકક્ષાના ૬૭માં વન મહોત્સવ ઉજવણી અને એકતા વનના લોકાર્પણ પ્રસંગે સરદાર વલ્લભભાઈ પટેલનું સ્મરણ કરી જણાવ્યું હતું કે, સને ૧૯૨૮ના વર્ષમાં ખેડુતો ઉપર ૨૩ ટકા કર નાંખવામાં આવ્યો હતો. તે વેળાએ આ લોખંડી પુરૂષના નેતૃત્વમાં આ જ ભૂમિ પરથી સત્યાગ્રહ કરવામાં આવેલો તે પવિત્ર ભૂમિ પર એકતા વનનું નિર્માણ થયું છે. તે દેશની ભાવિ પેઢીને એકતા અને સમૃદ્ધિની પ્રેરણા પૂરી પાડશે. તેવી અભિલાષા વ્યક્ત કરી હતી. આજે વાદળછાયા મહોલમાં ભારે ગરમીની વચ્ચે અચાનક મેઘરાજાની મહેર થતા અત્યંત ખુશી સાથે મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, ગ્લોબલ વોમિંગ યુગમાં સમગ્ર વિશ્વ માટે ચિંતા સમાન પર્યાવરણની સમતુલા જાળવવા આપણે પ્રતિ વર્ષ લાખો વૃક્ષોનું વાવેતર દ્વારા હરિયાળા ગુજરાતની નેમ રાખી છે. તેઓએ પર્યાવરણની જાળવણી સમૃદ્ધિ માટે રાજય સરકારે આ વર્ષે, એકના બદલે પ્રાદેશિક કક્ષાએ ચાર વન મહોત્સવોનું આયોજન કરી હરીયાળી ક્રાંતિ સર્જવાનો સફળ પ્રયાસ કર્યો હોવાનું જણાવ્યું હતું. તેમણે ધરતી માતાનું ઋણ આપણે કદી વિસરીએ નહી તેવી પ્રેરણા આપી વૃક્ષો એ ધરતી માતાનો શણગાર છે. જેના વિના જીવન શક્ય નથી તેવી સમજ બાળકોમાં કેળવી ભારતની સસ્કૃતિ પરંપરાને બરકરાર રાખવાની શીખ આપી હતી. ખેતર, શેઢા, ગૌચરમાં વધુને વધુ વૃક્ષો વાવી હરિયાળી ક્રાંતિ સર્જવાની પ્રેરણા આપી હતી. સરકારે ઓર્ગેનિક યુનિવર્સિટી શરૂ કરાવનો નિર્ણય કર્યો છે. તેમ જણાવી ઓર્ગેનિક ખાતરની મહત્તા અને ઉપયોગનિ વિગતો જણાવી સરકારે હાથ ધરેલા આયોજનની જાણકારી આપી ઓર્ગેનિક વૃક્ષોની નંદનવન બનાવવા અપીલ કરી હતી. પર્યાવરણની સમતુલા માટે જળબચાવ, સિંચાઈ, કૃષિ, આરોગ્ય જાળવણી માટે વધુને વધુ વૃક્ષો વાવી ગુજરાતને નંદનવન બનાવી પુરતીમાત્રામાં ઓકસિજન મેળવવા, રોગ મુક્ત જીવન જીવી સમાજ દેશની સેવા કરી સરદાર વલ્લભભાઈ પટેલના જીવન મુલ્યોને ઊતારવાની શીખ આપી હતી.



રાજયના નેતૃત્ત્વની તાજેતરમાં બનેલી ઘટનાના પગલે ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહ અમદાવાદ આવી પહોંચતા રાજકીય ગરમી વધી હતી.

### ઉર્જા અને પેટ્રોલિયમ મંત્રાલયનો ઠરાવ

# મુખ્યમંત્રી આવાસ યોજના હેઠળ નિઃશુલ્ક વીજ જોડાણ

## એફોર્ડેબલ હાઉસિંગ સ્કિમ હેઠળ તૈયાર આવાસોને પણ રાજયની ઝૂંપડા વીજળીકરણ યોજના હેઠળ આવરી લેવાયાં

અમદાવાદ, તા.૪

રાજય સરકારની મુખ્યમંત્રી ગૃહ આવાસ યોજના એટલે કે, ઓર્ફોડેબલ હાઉસિંગ સ્કિમ, અંતર્ગત તૈયાર કરેલાં આવાસોને પણ રાજયની ઝૂંપડા વીજળીકર યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા છે. હવે આ યોજનાના લાભાર્થીઓને પણ નિઃશુલ્ક ગૃહ વપરાશ વીજ જોડાણ આપવામાં આવળશે તેમ ઉર્જા અને પેટ્રોકેમિકલ વિભાગના એક ઠરાવમાં જણાવાયું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજયના શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં ઝૂંપડા બાંધીને વસવાટ કરતાં ગરીબી રેખા નીચેના તમામ લોકોને વીજળીની સુવિધા મળી રહે તે હેતુસર રાજય સરકાર દ્વારા વર્ષ ૧૯૯૬થી ઝૂંપડા વીજળીકરણ યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના અંતર્ગત ગ્રામવિકાસ વિભાગની વેબસાઈટ પર ઉપલબ્ધ કોમન લીસ્ટમાં સમાવિષ્ટ બીપીએલ લાભાર્થી ઉપરાંત બીપીએલ યાદીમાં સમાવિષ્ટ ન હોય પરંતુ શહેરી વિસ્તારમાં વસવાટ કરતા હોય અને ૪૭ હજારથી ઓછી વાર્ષિક આવક ધરાવતા હોય તેવા તમામ જાતિના લોકોને આવરી લેવામાં આવે છે. આ યોજના અંતર્ગત લાભાર્થીઓને એક પોઈન્ટ સાથેનું ઘર વપરાશનું વીજ જોડાણ નિઃશુલ્ક આપવાની સાથેસાથ જરૂર જણાય ત્યાં નવી વીજ વિતરણ પ્રવાહન લાઈન નાંખવાની, નવા ફીડરો નાંખવાના કે હયાત ફીડરોની ક્ષમતા વધારવા સહિતની સીસ્ટમ ઈમ્પ્રુવમેન્ટની કામગીરી પણ હાથ ધરવામાં આવે છે. હવે શહેરી વિકાસ અને શહેરી ગૃહ આવાસ યોજના અમલમાં મુકવામાં આવી છે. આ યોજના અંતર્ગત રાજયના શહેરી વિસ્તારમાં ઝૂંપડા બનાવીને રહેતા લોકોને પાકા આવાસો પુરા પાડીને તમામ શહેરી વિસ્તારોને ઝૂંપડપટ્ટી મુક્ત બનાવવાની સાથે આર્થિક રીતે નબળા વર્ગના લોકોને પોતાની માલિકીનું રહેઠાણ રસ્તા દરે પુરા પાડવાનો સરકારનો મુખ્ય ઉદ્દેશ છે.

# મનપાના સફાઈ કામદારોને છુટા કરવા બદલ ઉગ્ર આક્રોશ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બે વર્ષ અગાઉ રોજિંદા સફાઈ કામદારોની ભરતી કરેલ હતી પરંતુ કોઈ પણ જાતની જાણ કર્યા વગર તા. ૩૧મી જુલાઈએ છુટા કરેલ છે. આ અંગે આવેનદપત્ર આપેલ છે છતાં તંત્ર દ્વારા કોઈ સકારાત્મક નિર્ણય લેવાયો નથી. કામદારોને લોકોને ગેરમાર્ગે દોરીને જણાવવામાં આવે છે કે કોઈને છુટા કરેલ નથી. બીજી તરફ સફાઈ કામદારોની રોજી છીનવાઈ ગઈ છે. કોઈ કામદાર પરીવારને નુકશાન થશે તો જવાબદારી કોણ સ્વીકારશે. કામદારોને કયા કયા વોર્ડમાં કામગીરી સોંપવામાં આવી છે તેની જાણ કરવી. કયા સ્થળે હાજરી પુરાવવાની રહેશે. કામદારે કઈ બીટ કયા વિસ્તારમાં કેટલી કામગીરી કરવી, મહિલા કામદારોની સુરક્ષા અંગે પગલા લેવા કામદારોને પગાર ધોરણ તથા અન્ય લાભો આપવા વગેરે મુદ્દા રજુ કરેલ છે તેમ શ્રી વિનુભાઈ ઝાપડિયા કન્વીનરશ્રી ગુજરાત સફાઈ કર્મચારી આંદોલને જણાવેલ છે.

## પી.કે. ચૌધરી કોલેજ ખાતે કેન્સર નિવારણ અંગે યોજાયેલ વ્યાખ્યાન અને ફિલ્મ નિદર્શન

### કાર્યક્રમનો ૬૦૦ વિદ્યાર્થીનીઓએ લાભ લીધો

ગાંધીનગર, તા.૪

શ્રી પી.કે.ચૌધરી આર્ટસ કોલેજના કોલેજિયેટ વુમન ડેવલપમેન્ટ સેલ (સી. ડબલ્યુ. ડી. સી.) અને હ્યુમન વેલ્નેસ ફાઉન્ડેશન સંસ્થા (આયુષ) દ્વારા કેન્સર નિવારણ અંગે વ્યાખ્યાન અને ફિલ્મ નિદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં બદલાતી જીવનશૈલીના પરીણામે સ્ત્રીઓને થતા કેન્સર અંગે ૩૦ મિનિટના ફિલ્મ નિદર્શન દ્વારા કેન્સર સંભવિત કારણ, લક્ષણ, જાત તપાસ અને સારવાર માટે માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમ દરમિયાન કોલેજની ૬૦૦ વિદ્યાર્થીનીઓએ પોતાનું સ્વાસ્થ્ય પોતાના હાથમાં છે. કેન્સરના સમયસર નિદાન અને સારવારથી જીવ બચાવી શકાય છે તે સંદેશ પ્રાપ્ત કર્યો હતો.

આ સમગ્ર કાર્યક્રમનું માગદર્શન આચાર્યા ડૉ. ઉર્મિલાબેન ચૌધરીએ આપ્યું હતું. આ કાર્યક્રમમાં સી.ડબલ્યુ.ડી.સી. કન્વીનરના ડૉ. લીના સ્વાદિયા, મુન્નાબેન ચૌધરી, ડૉ. મીનાબેન વ્યાસ, સોનલબેન મોદી, ગીતાબેન ચૌધરી હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન કુ. મંડોરા વિભૂતી દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા આયુષ સંસ્થાના રવિભાઈ ચૌધરીએ ભારે જહેમત ઉઠાવી હતી.

# ભાજપે મુખ્યમંત્રી બદલવાના બદલે ચૂંટણી આપવી જોઈએ : ડૉ. હિમાંશુ પટેલ

અમદાવાદ, તા. ૪

ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલનું ભાજપના સત્તા લાલચું રાજકારણના ભાગરૂપે લેવાયેલું રાજીનામું ગુજરાત મોડેલ તેમજ મહિલા સશક્તિકરણની સદંતર નિષ્ફળતા હોવાનું જણાવતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડો. હિમાંશુ પટેલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતાના પડછાયા સ્વરૂપે શ્રીમતી આનંદીબેન પટેલને વારસો આપ્યો હતો. આમ છતાં વિકાસના નામે ખોખલું રાજકારણ રમનાર ભાજપ સરકારે સત્તાલાલસા છોડી નવા મુખ્યમંત્રીના બદલે વિધાનસભાની સામાન્ય ચૂંટણી આપવી જોઈએ.

કોંગ્રેસના પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, મહિલા સશક્તિકરણ, મોંઘવારી, ભ્રષ્ટાચાર તેમજ સર્વાંગી વિકાસના નામે ગુજરાત મોડેલ રજૂ કરી દેશના વડાપ્રધાન થયેલા નરેન્દ્ર મોદીએ પોતાનો વારસો તેમના પડછાયા સ્વરૂપ શ્રીમતી આનંદીબેન પટેલને સોંપ્યો હતો. સરકાર અને સંગઠન વચ્ચે છેલ્લા બે વર્ષથી ચાલેલી લડાઈમાં આનંદીબેન પટેલને રાજકીય દબાણ હેઠળ રાજીનામું અપાવનાર ભાજપે મહિલા સશક્તિકરણ અને ગુજરાત મોડેલની પોકળતા ખૂલ્લી કરી છે. વાસ્તવમાં આનંદીબેન પટેલનું રાજીનામું તે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જ સદંતર નિષ્ફળતા સાથે ગુજરાતની સાડા છ કરોડ જનતાના આક્રોશનું પરીણામ છે.

ટૂંક સમયમાં જ ઉત્તરપ્રદેશ અને પંજાબમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણીમાં અત્યારથી જ હાર ભાળી ગયેલા ભાજપના મોવડીઓ કોઈપણ ભોગે ગુજરાતના મોડેલને ઠીકઠાક કરી ફરી સત્તા હડપ કરવા માંગે છે. ગુજરાતમાં ૪૮ હજાર જેટલા નાના અને લઘુઉદ્યોગો બંધ થઈ જવા સાથે બેરોજગારીનો રાફડો ફાટ્યો છે. દરેક નાગરિકના માથે દેવાના ડુંગર ખડકાયા છે ત્યારે મોંઘવારી સહિત ભાજપ સરકાર તમામ ક્ષેત્રે સદંતર નિષ્ફળ નિવડી છે. આ સંજોગોમાં આગામી એક વર્ષમાં પ્રજાનો જનઆક્રોશ ચરમસીમાએ પહોંચી ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને જડમૂળથી ફેંકી દેશે.

### જુગારીઓએ પ્રાથમિક શાળાને પણ ના છોડી

# પ્રાથમિક શાળાના કંપાઉન્ડમાં જુગાર રમતા પાંચ ઝડપાયા

## ચિલોડા પોલીસે રાત્રે ધરમપુર ભુંડીયા ગામની શાળામાં દરોડો પાડીને શકુનીઓ પકડયા

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર તાલુકાના ચિલોડા નજીક આવેલા ધરમપુર ભુંડીયા ગામમાં સ્થિત પ્રાથમિક શાળાના કંપાઉન્ડમાં જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમી મળતા ચિલોડા પોલીસે મધરાત્રે દરોડો પાડયો હતો.

ધરમપુર ભુંડીયા ગામની પ્રાથમિક શાળામાં દરોડો પાડીને ગામના જ પાંચ શખ્સો દિલીપસિંહ રમણસિંહ રાણા, હરેન્દ્રસિંહ દિલીપસિંહ રાણા, ચેતનસિંહ રતસિંહ રાણા, મગનસિંહ ચાવડા અને કુલદિપસિંહ રાણાની રૂ. ૨૧૦૦ રોકડા અને પાનાપત્તા સાથે ધરપકડ કરી લઈ પાંચેય સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### તાલુકા કક્ષાની રમત સ્પર્ધામાં ચૌધરી શાળાની વિદ્યાર્થીનીઓ ઝળકી

ગાંધીનગર, તા.૪

તાલુકા કક્ષા પૂર્વ વિભાગની રમત ગમત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કબડ્ડી, ખોખો, વોલીબોલ સહિતની સ્પર્ધાનું આયોજન કરાયું હતું, જેમાં જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય (ગ્રાન્ટેડ) ની વિદ્યાર્થીનીઓ પ્રથમ વિજેતા બની હતી. વિજેતા ટીમોને આચાર્યા સંતોકબેન ચૌધરી તેમજ વ્યાયામ શિક્ષિકા બહેનો વિનાક્ષીબેન સુતરિયા, લીલાબેન ચૌધરી અને હેતલબેન દેસાઈ તથા સમગ્ર શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

# સુઝુકી ટુ વ્હીલર્સ દ્વારા અમદાવાદ ખાતે નવી ડીલરશીપનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૪

દુનિયાના અગ્રણી ટુ વ્હીલર ઉત્પાદકમાં સમાવેશ પામતી સુઝુકી મોટરસાયકલ કોર્પોરેશનના જાપાનની પેટા કંપની સુઝુકી મોટરસાયકલ્સ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ અમદાવાદમાં કીરણ ઓટોમોટીવ પ્રા.લિ., હરીદર્શન ચાર રસ્તા, નિકોલ, નવા નરોડા, અમદાવાદ નજીક નવી ડીલરશીપનો પ્રારંભ કર્યો છે. દેશમાં સુઝુકીની ડીલરશીપનું નેટવર્ક હવે ૪૨૭ના આંક સુધી પહોંચી ગયું છે.

અમદાવાદમાં એક નવી ડીલરશીપના પ્રારંભ સાથે ગુજરાતમાં અતિ મહત્વના બજારમાં સુઝુકીની ડીલરસીપની સંખ્યા ૨૮ થઈ છે. આ વર્ષે કંપની રાજ્યમાં વધુ પાંચ ડીલરશીપ શરૂ કરવાની યોજના ધરાવે છે.

એસએમઆઈપીએલના મેનેજીંગ ડિરેક્ટર સતોશી ઉચીદા જણાવે છે કે સુઝુકીના ટુ વ્હિલર્સ માટે ગુજરાત ઘણું મહત્વનું બજાર છે. અમે અમદાવાદમાં પાંચમી ડીલરશીપ શરૂ કરતાં આનંદ અનુભવીએ છીએ.

અમે ગુજરાતમાં અમારી હાજરી મજબૂત બનાવવા માંગીએ છીએ અને ગ્રાહકોને સુઝુકીની ક્વોલિટી પ્રોડક્ટસ પુરી પાડવાનું ચાલુ રાખીશું.

## સુકાનીની વરણી

● અનુસંધાન પહેલાનું ચાલુ

બજાવતા નિતિન પટેલનું નામ સર્વ સંમત રીતે મુખ્યમંત્રી તરીકે સ્વીકારવામાં આવે તેવો તખ્તો ગોઠવાઈ રહ્યો હોવાનું પણ સુત્રોએ જણાવ્યું હતું. સુત્રોએ એવો પણ દાવો કર્યો હતો કે ગુજરાતના નવા મુખ્યમંત્રી તરીકે નિતિન પટેલનું નામ લગભગ નક્કી થઈ ગયું છે. અને માત્ર ઔપચારિકતા જ બાકી રહી છે. જે આવતીકાલની બેઠકમાં પૂર્ણ કરાશે.

## આશરો આપે છે

● અનુસંધાન પહેલાનું ચાલુ

લઈને પાકિસ્તાનમાં ખચકાટની સ્થિતિ રહી હતી. રાજનાથસિંહે સાફ શબ્દોમાં કહ્યું હતું કે પાકિસ્તાન ત્રાસવાદીઓને લાંબા સમયથી આસરો આપે છે. કોન્ફરન્સમાં રાજનાથસિંહના નિવેદનથી પાકિસ્તાનની ઉંઘ હરામ થઈ ગઈ હતી. અફઘાનિસ્તાનના વિદેશમંત્રીએ પણ ત્રાસવાદના મુદ્દા ઉપર પાકિસ્તાનને આક્રમક અંદાજમાં જવાબ આપ્યા હતા. રાજનાથસિંહે કહ્યું હતું કે, ત્રાસવાદમાં ખરાબ અને સારા ત્રાસવાદીઓ હોતા નથી. આતંકવાદને કોઈ રંગ આપી શકાય નહીં. રાજનાથસિંહે પ્રશ્ન કરતા કહ્યું હતું કે, આતંકવાદને ગૌરવ આપી શકાય નહીં તેમ કહીને રાજનાથસિંહે બુરહાન વાનીને શહીદ કહેનાર પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફને સણસણતો જવાબ આપ્યો હતો. રાજનાથસિંહે અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશમાં થયેલા આતંકવાદી હુમલાઓને ઉલ્લેખ કર્યો હતો.

ભારત અને પાકિસ્તાનના સંબંધોમાં તંગદિલી સાર્કના ગૃહમંત્રીઓની બેઠકમાં એ વખતે સ્પષ્ટપણે જોવા મળી હતી જ્યારે રાજનાથસિંહ અને ચૌધરી નિસાર આમને સામને આવ્યા હતા. બંને નેતાઓએ ખુબ મુશ્કેલથી એકબીજા સાથે હાથ મિલાવ્યા હતા.

## શ્રેષ્ઠ દેખાવ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઈતિહાસમાં સૌથી મોટી ટુકડી મોકલવામાં આવી રહી છે. વર્ષ ૨૦૧૨માં લંડન ઓલિમ્પિકમાં ભારતીય એથ્લિટોની સંખ્યા ૮૩ રહી હતી. જેની સરખામણીમાં આ વખતે ૪૧ એથ્લિટો વધારે પહોંચી રહ્યા છે. આની સાથે જ સંખ્યા ૧૨૪ ઉપર પહોંચી છે. જુદી જુદી રમતોમાં ભારતીય ખેલાડીઓ વિશેષ દેખાવ કરવા માટે તૈયાર છે.આ વખતે ૧૨૪ ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે જે પૈકી પુરુષ ખેલાડીઓની સંખ્યા ૬૬ અને મહિલા ખેલાડીઓની સંખ્યા ૫૬ નોંધાઈ છે. ભારતીય ટીમ તિરંદાજી, એથ્લેટિક્સ, બેડમિંટન, બોક્સિંગ, શૂટિંગ, સ્વિમિંગ, ટેબલ ટેનિસ, ટેનિસ, વેઈટ લિફ્ટિંગ, કુશ્તીમાં ભાગ લેનાર છે.

## વટહુકમ રદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

રાજય સરકારે કાયદાકીય અભ્યાસ બાદ ઈબીસીનો હુકમ કર્યો હતો. હાઈકોર્ટના ચુકાદા સામે પ્રતિક્રિયા ઉલ્લેખનીય છે કે, ૧૦ ટકા અનામતના મામલે ગુજરાત હાઈકોર્ટમાં અલગ અલગ પિટિશન કરવામાં આવી હતી. જેમાં સરકારે આપેલી આર્થિક અનામત બંધારણના ભંગ સમાન છે. સુપ્રીમ કોર્ટ અને અલગ અલગ હાઈકોર્ટ દ્વારા અપાયેલા હુકમોનું ઉલ્લંઘન થાય છે. અનામતનું પ્રમાણ ૫૦ ટકાથી વધી જાય છે. સ્થિતિમાં સરકારે અપાયેલી આર્થિક અનામત દુર કરવાની માંગ કરવામાં આવી હતી.

## વરસાદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

બે ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. આ ઉપરાંત રાજયના પાટણ, રાધનપુર, સમી, સરસ્વતી, દાંતા, કાંકરેજ, દાંતીવાડા, સુઈગામ, પોશીના, વડાલી, બાયડ, માલપુર, કલોલ, માંડવી, કઠલાલ, ખેડા, મહેમદાવાદ, નડિયાદ, વસો, ખંભાત, ઉમરેઠ, ધોધંબા, હાલોલ, શહેર ખાનપુર, લુણાવાડા, દાહોદ, ફતેપુરા, ઝાલોદ, સંજેલી, નાંદોલ કપરાડા, ડાંગ, સુબિર વધઈ મળી કુલ ૩૫ તાલુકાઓમાં એક ઈંચ અને અન્ય ૩૨ તાલુકાઓમાં અડધો ઈંચ કરતા વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે. ગુજરાતના ઘણા ભાગોમાં હજુ પણ ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૩૪.૨ ડિગ્રી નોંધાયું હતું.

## નવો રસ્તો બનશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મુકવામાં આવ્યુ છે. મહાત્મા મંદિરમાં વર્ષ દરમિયાન અનેકવિધ કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવતુ હોવાથી આ વિસ્તારમાં મહાનુભાવોની વિશેષ અવરજવર રહે છે. જયારે વાઈબ્રન્ટ સમિટ દરમિયાન પણ ખ માર્ગના રૂટમાં વી વી આઈ પી ની સતત અવરજવર રહે છે. ત્યારે મહાત્મા મંદિરને જોડતા ખ માર્ગ પર ટ્રાફિકનુ ભારણ ઘટાડવા માટે રેલવે સ્ટેશનને જોડતો નવો રસ્તો બનાવવા માટે તંત્ર દ્વારા કાર્યયોજના તૈયાર કરવામાં આવી છે. જે અન્વયે વાવોલ પાસે રેલવે લાઈનને જોડતા નવા માર્ગનુ કામ હાથ ધરવામાં આવશે. મહાત્મા મંદિર વિસ્તારમાં ટ્રાફિકને અટકાવવા માટે રેલવે સ્ટેશન જવા માટે નવો રસ્તો તૈયાર કરાશે. વાવોલ પાસે ગુડાના હયાત રસ્તાથી રેલવે લાઈનને સમાંતર નવો રસ્તો બનશે આ માર્ગનુ રોડનં ૫ સાથે જોડાણ અપાશે. આ કામગીરી પાછળ રૂ ૫ કરોડનો ખર્ચ થશે. જો કે દરખાસ્તને મંજુરી આપી દેવાયા બાદ તંત્ર દ્વારા આગળની કાર્યવાહી કરવામાં આવશે.

## તન દુરસ્તી

● ૪ પાનાનું ચાલુ...

Violaxanthin જે પીળા કલરના મરચામાં જોવા મળે છે . એ પણ એન્ટીઓક્સીડેન્ત છે. Lutein જે લીલા મરચા માં જોવા મળે છે જે સારી આંખો માટે ખૂબ અસરકારક છે. Capsaicin તે મરચા ને તીખું બનાવે છે જે શરીર ની સુખાકારી માટે સારું છે. Sinapic-Acid એ પણ એન્ટીઓક્સીડેન્ત છે તે પણ શરીર માટે સારું છે. Ferulic-Acid જે હથિલા દર્દો માટે ખૂબ અસરકારક છે. લીલા મરચા કરતા લાલ મરચામાં એન્ટીઓક્સીડેન્ત વધારે હોય છે. આ ઉપરાંત Pain Relief માં પણ મરચું ખૂબ અસરકારક છે. એવું વૈજ્ઞાનિક શોધમાં સાબિત થયેલું છે. વજન ઘટાડવા માટે પણ મરચું ઉપયોગી છે. ડાયાબીટીસના દર્દીઓ માટે પણ ઉપયોગી છે.

આતો બધી સારી સારી વાતો કરી. મરચામાં કોઈ આડઅસર નથી થતી. એક તો મરચું તીખું હોય છે અને Capturing ના લીધે આંતરડામાં બરતળા થાય છે. વધારે મરચું ખાવાથી શરીરમાં સખત દુખાવો થાય છે. સોજો આવે છે. અને શરીર લાલ થઈ જાય છે. કોઈ વખત ઉલટી થાય છે . ઝાડા પણ થાય છે. હોજરી માં સખત દુખાવો થાય છે. ઘણી વખત irrtable Bowel Syndrome પણ થતો હોય છે. ઘણી વખતે વધારે મરચું ખાવાથી ચામડીનું કેન્સર પણ થતું હોય છે . કોઈ વખત Gallbladderનું કેન્સર પણ થતું હોય છે. મરચું તો સારું જ પણ વધારે પ્રમાણ માં મરચું લેવાથી એની આડઅસર પણ હોય છે જ. ફેફસાના રોગમાં પણ મરચા નો પણ રોલ સારો છે. કેન્સરના રોગમાં, મગજને તાકાતવર બનાવામાં અને ખોરાક પચાવવામા ઉપયોગી છે. એવું માનવામાં આવે છે કે મરચું ખાવાથી એસીડીટી થાય છે. પણ એ ખોટું છે. ઉલટાનું એ ખોરાક પચાવવા માં વધારે મદદગાર છે.

sgpathlab@gmail.com

# અમૂલ રસમલાઈ-ભારતના બજારમાં સૌપ્રથમ રજૂઆત




ગાંધીનગર, તા. ૪

અમૂલ દ્વારા ભારતમાં સૌપ્રથમ વાર ફ્રોઝન રસમલાઈ રજૂ કરીને મિઠાઈના આંતરરાષ્ટ્રિય બજારમાં ગુણવત્તાયુક્ત પરંપરાગત મિઠાઈ દ્વારા બજારમાં પોતાનું વધુ ઉંચુ ધોરણ પ્રસ્થાપિત કરવા સજ્જ બની છે. તાજા દૂધ અને અન્ય સામગ્રીની શુધ્ધતા અને ગુણોની ખાત્રી રાખીને અમૂલે પરંપરાગત મિઠાઈની આ કેટેગરીને તેના સૌથી વધુ વ્યાપક ફ્રોઝન ચેઈન નેટવર્ક દ્વારા બજારમાં મુકી છે અને આ રસમલાઈમાં અમૂલે ભરોસાનું વચન આપ્યું છે.

ભારત પરંપરાગત મિઠાઈનું મોટુ મથક (હબ) છે અને ગ્રાહકોને, મહદ અંશે મિઠાઈની દુકાનોમાં મિઠાઈના અગણિત વિકલ્પો મળી રહે છે. મીઠા ચણા અને રબડીમાંથી બનાવેલી આ મિઠાઈ મહદ્અંશે, ખાસ કરીને તહેવારોમાં અને ભોજન પછી નિયમિતપણે ડેઝર્ટ તરીકે વપરાતી હોય છે. તેને ગીફ્ટ આપવા માટેની સ્પેશ્યલ આઈટમનું પણ સ્થાન મળ્યું છે. અમૂલની રસમલાઈની શેલ્ફ લાઈફ-૧૮ અંશ ઉષ્ણતામાને એક વર્ષની રહેશે અને તે સમગ્ર વર્ષ દરમ્યાન અમૂલનો આઈસ્ક્રીમ વેચતાં એકમો ખાતે દેશભરમાં ઉપલબ્ધ રહેશે. ૬ મોટા પીસના ૫૦૦ ગ્રામના પેકમાં ઉપલબ્ધ રસમલાઈ સુગમ અને વાપરવામાં આસાન ટ્રેમાં આકર્ષક કાર્ટનમાં ઉપલબ્ધ બનશે. તેની કિંમત ૫૦૦ ગ્રામના રૂ. ૧૭૫ જેટલી સ્પર્ધાત્મક રાખવામાં આવી છે. અમૂલ વાજબી કિંમતે સારી ગુણવત્તા આપવાનું તેનું વચન જાળવી રાખે છે.